### વિધાનસભામાં નવું રેન્ટ બિલ પાસ કરાયું, મકાનમાલિકની મનમાની પર કાયદાનો અંકુશ

# ડિપોઝિટ 3 માસના ભાડાથી વધુ નહીં

**ભાડુઆત** વચ્ચે લેખિત કરાર ફરજિયાત કરાયો, ઘર ખાલી કર્યાના એક મહિનામાં ડિપોઝિટ પરત

**વિવાદો** માટે રેન્ટ ઓથોરિટી-કોર્ટ-ટ્રિબ્યુનલની ત્રિસ્તરીય વ્યવસ્થા કરાઈ

ગાંધીનગરઃ ગુજરાતમાં ભાડે મકાન લેતા લોકો પાસેથી મનફાવે તેટલું ડિપોઝિટ વસૂલવું, લેખિત કરાર વિના મિલકત ભાડે આપવી કે ભાડૂઆતની વીજળી-પાણી-ગેસ બંધ કરી દબાણ કરવું હવે નહીં ચાલે. ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬માં ભાડાના વ્યવહાર પર કાયદાનું કડક માળખું ઊભું કરાયું છે–ત્રણ મહિનાથી વધુ ડિપોઝિટ નહીં, ઘર ખાલી કર્યા બાદ એક મહિનામાં ડિપોઝિટ પરત કરવું પડશે અને વિવાદોના ઝડપી ઉકેલ માટે રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલની વ્યવસ્થા થશે. વિધાનસભાએ આ વિધેયકને વિના વિરોધે સર્વાનુમતે મંજૂરી આપી છે.

ગુજરાતમાં મકાન ભાડે આપવું કે લેવું હવે માત્ર માલિક-ભાડૂઆત વચ્ચેની સમજૂતી પૂરતું નહીં રહે. ભાડા કરાર ફરજિયાત બનાવતા, સિક્યોરિટી ડિપોઝિટ ત્રણ મહિનાના ભાડા સુધી મર્યાદિત કરતા અને ઘર ખાલી કર્યા બાદ એક મહિનામાં ડિપોઝિટ પરત કરવાની જોગવાઈ ધરાવતું 'ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬' આજે ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે પસાર થયું છે.

આ વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે નવા કાયદા હેઠળ ભાડા કરારને ડિજિટલ ઓળખ મળશે, ભાડૂઆતની વીજળી-પાણી-ગેસ જેવી જરૂરી સેવાઓ મનસ્વી રીતે બંધ કરી શકાશે નહીં અને ભાડા અંગેના વિવાદોનો ઝડપી નિકાલ કરવા અલગ ન્યાયિક વ્યવસ્થા ઊભી કરાશે. શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે આ કાયદાથી મકાનમાલિક અને ભાડૂઆત બંનેના હિતોનું સંતુલિત રક્ષણ થશે અને ભાડાના વ્યવહારમાં વધુ પારદર્શિતા આવશે.

### નવા કાયદામાં શું બદલાશે?

» લેખિત કરાર ફરજિયાતઃ રહેણાંક હોય કે વાણિજ્યિક મિલકત, હવે લિખિત ભાડા કરાર વિના મિલકત ભાડે આપી શકાશે નહીં. કરારની વિગતો રેન્ટ ઓથોરિટીને આપવાની રહેશે.

» ડિપોઝિટ પર મર્યાદાઃ ભાડૂઆત પાસેથી વધુમાં વધુ ત્રણ મહિનાના ભાડા જેટલું જ સિક્યોરિટી ડિપોઝિટ લઈ શકાશે. મિલકત ખાલી કરતી વખતે હિસાબ પૂર્ણ કરી એક મહિનામાં ડિપોઝિટ પરત કરવું પડશે.

» ડિજિટલ કરાર અને યુનિક આઈડીઃ ત્રણ મહિનામાં ગુજરાતી ભાષામાં ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરાશે. દરેક ભાડા કરારને યુનિક ઓળખ નંબર અપાશે અને તેની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

» વીજળી-પાણી-ગેસ બંધ નહીં કરી શકાયઃ મકાનમાલિક ભાડૂઆતની જીવનજરૂરી સેવાઓ મનસ્વી રીતે બંધ કરી શકશે નહીં. આવું થાય તો રેન્ટ ઓથોરિટી સેવા પુનઃ શરૂ કરવાનો આદેશ આપી શકશે.

» ભાડૂઆતને ક્યારે ઘર ખાલી કરવું પડશે?: સતત ભાડું ન ચૂકવવું, મિલકતને નુકસાન પહોંચાડવું અથવા માલિકની મંજૂરી વિના પેટા-ભાડે આપવું જેવા કિસ્સામાં માલિક રેન્ટ કોર્ટ મારફતે મિલકત ખાલી કરાવી શકશે.

» વિવાદનો ઝડપી નિકાલઃ ભાડા સંબંધિત કેસો માટે રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલ એમ ત્રણ સ્તરની વ્યવસ્થા ઊભી કરાશે.

» આપત્તિમાં ભાડામાં રાહતઃ પૂર, ભૂકંપ કે ચક્રવાત જેવી કુદરતી આપત્તિથી મિલકત રહેવા યોગ્ય ન રહે તો ભાડૂઆતને ભાડામાંથી રાહત અથવા કરાર લંબાવવાની તક મળશે.

» પ્રોપર્ટી મેનેજરને કાયદાકીય માન્યતાઃ મકાનમાલિક પ્રોપર્ટી મેનેજરની નિમણૂક કરી શકશે અને તેની ભૂમિકા તથા ફરજો કાયદાના માળખામાં નક્કી કરાશે.

» કેટલીક મિલકતોને મુક્તિઃ સરકારી પરિસરો, કર્મચારીઓના સર્વિસ ક્વાર્ટર્સ, ધાર્મિક-સખાવતી સંસ્થાઓ, વક્ફ બોર્ડ અને પબ્લિક ટ્રસ્ટની મિલકતોને કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે. જોકે બંને પક્ષોની સંમતિથી તેઓ કાયદા હેઠળ આવી શકશે.

# માત્ર ઓછા વરસાદથી દુકાળ જાહેર નહીં, વૈજ્ઞાનિક મૂલ્યાંકન બાદ નિર્ણય

**વરસાદ**, વાવેતર, જમીનની ભેજ અને ભૂગર્ભજળ સહિતના માપદંડોની ચકાસણી થશે

**ખેડૂતોને** ૧૦ કલાક વીજળી, પાણી અને રાહતદરે ઘાસચારાની વ્યવસ્થા

ગાંધીનગરઃ ગુજરાતમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદની અસમાન સ્થિતિ વચ્ચે દુષ્કાળ જાહેર કરવાની માંગ ઉઠી રહી છે ત્યારે રાજ્ય સરકારે વિધાનસભામાં સ્પષ્ટ કર્યું છે કે માત્ર ઓછા વરસાદના આધારે કોઈ વિસ્તારને સીધો દુષ્કાળગ્રસ્ત જાહેર કરી શકાય નહીં. કેન્દ્રના દુષ્કાળ વ્યવસ્થાપન મેન્યુઅલ મુજબ વરસાદ ઉપરાંત વાવેતર વિસ્તાર, વનસ્પતિ સ્થિતિ, જમીનની ભેજ અને ભૂગર્ભજળ સ્તર સહિતના માપદંડોનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરાશે. ખરીફ સિઝનના અંતે અસરગ્રસ્ત ગામોમાં ભૌતિક ચકાસણી અને પાક નુકસાનીના આંકડા મળ્યા બાદ દુષ્કાળ અંગે યોગ્ય નિર્ણય લેવાશે. આજે વિધાનસભામાં કોંગીના સીનીયર સભ્ય અમીત ચાવડા અને ડૉ તુષાર ચૌધરી સહિતના સભ્યોએ રાજયમાં સંભવિત દુષ્કાળની સ્થિતિની રજુઆત કરીને તેનો સામનો કરવા રાજય સરકાર શુ પગલા લઈ રહી છે, તેની માંગ કરી હીત. આ ચર્ચા દરમ્યાન મહેસૂલ વિભાગનો હવાલો સંભાળતા કેબિનેટ મંત્રી ડૉ ઋષિકેશ પટેલે આ માહિતી ગૃહમાં આપી હતી. રાજ્યમાં ૩ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ૬૮૫.૫૩ મી.મી., એટલે કે સરેરાશ ૭૫.૪૩ ટકા વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાં ૧૦૩.૯૧ ટકા વરસાદ થયો છે, જ્યારે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર અને કચ્છમાં વરસાદનું પ્રમાણ ઘણું ઓછું રહ્યું છે. તેમ છતાં રાજ્યના સામાન્ય ૮૫.૩૦ લાખ હેક્ટર વાવેતર વિસ્તાર સામે ૮૦.૩૯ લાખ હેક્ટર એટલે કે ૯૪.૨૪ ટકા વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે.

### પાક, પાણી અને પશુધન માટે સરકારની તૈયારી

ઓછા વરસાદવાળા વિસ્તારોમાં ઊભા પાકને બચાવવા કૃષિ વીજ પુરવઠો ૮ કલાકથી વધારીને ૧૦ કલાક કરવામાં આવ્યો છે. કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, મહેસાણા, બોટાદ અને સાબરકાંઠા સહિત ૨૧ જિલ્લાના ૧૩૨ તાલુકાઓમાં આ વ્યવસ્થા અમલમાં છે. સિંચાઈ અને પીવાના પાણી માટે સરદાર સરોવર સહિતના જળાશયોમાં ઉપલબ્ધ જથ્થાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને સૌની તથા સુજલામ-સુફલામ યોજનાથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. પશુપાલકો માટે પણ રાહતના પગલાં લેવાયા છે. રાજ્યમાં ૪૦૨.૫૪ લાખ કિલો ઘાસનો જથ્થો ઉપલબ્ધ હોવાનું સરકારે જણાવ્યું છે.

### સરહદના જવાનોના ગામડાના ઘરનો પંચાયત વેરો માફ

ગાંધીનગરઃ સરહદ પર દેશની રક્ષા કરતા જવાનોને રાજય સરકારે મોટી રાહત આપી છે. ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા તેમના પોતાના રહેણાંક ઘર પર હવે પંચાયત વેરો નહીં વસૂલાય. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકારે 'ગુજરાત ગ્રામ અને નગર પંચાયતો કર અને ફી નિયમો, 1964'માં સુધારો કરીને ફરજ બજાવતા જવાનો, તેમના જીવનસાથી, ભૂતપૂર્વ સૈનિકો અને શહીદોની વિધવાઓને આ લાભ આપ્યો છે. આ કરમુક્તિ પોતાની માલિકીની અથવા પોતાના ઉપયોગમાં હોય તેવા એક રહેણાંક મકાન પૂરતી રહેશે. એટલે સૈનિક પરિવારને પોતાના ગામના ઘર માટે પંચાયત વેરો ભરવો નહીં પડે. શહીદોની વિધવાઓને પણ આ રાહત મળવાથી તેમના પરિવાર પરનો આર્થિક બોજ હળવો થશે. સરકારે ડિસેમ્બર 2025માં આ અંગેના ડ્રાફ્ટ નિયમો જાહેર કરીને વાંધા-સૂચનો મંગાવ્યા હતા. મળેલા સૂચનો બાદ હવે અંતિમ સુધારા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. ગૅઝેટમાં પ્રસિદ્ધ થયા બાદ નવા નિયમો અમલમાં આવશે.

# વ્લાદિમીર પુતિનના સુરક્ષા દળમાં ચાર લાખથી વધુ બોડીગાર્ડ કામ કરે છે



ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

ભારત મંડપમ ખાતે યોજાનાર બ્રિક્સ સમિટ માટે વિશ્વભરના નેતાઓ દિલ્હી આવી રહ્યા છે. આ દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ તેમના અત્યંત સુરક્ષિત વિમાનમાં દિલ્હી પહોંચ્યા છે. ફ્લાઈંગ ક્રેમલિન તરીકે ઓળખાતું આ વિમાન પૈડાં પર ફરતા કિલ્લા જેવું છે. આ વિમાનમાં વ્યક્તિગત ખોરાક પરીક્ષણ પ્રયોગશાળાઓ, વાસ્તવિક પુતિન જેવો ડમી ઈસમ અને રાસાયણિક હુમલાઓ અને લેન્ડમાઇન વિસ્ફોટોનો સામનો કરવા સક્ષમ ભારે સશસ્ત્ર લિમોઝીન કારનો પણ સમાવેશ થાય છે. રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સુરક્ષા રશિયાની ફેડરલ પ્રોટેક્ટિવ સર્વિસ (FSO) અને ભારતના આતંકવાદ વિરોધી દળો દ્વારા સંયુક્ત રીતે સંભાળવામાં આવે છે. આ સમિટ માટે દિલ્હીને એક અભેદ્ય કિલ્લામાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. ડ્રોન વિરોધી જામિંગ અને ડાઉનિંગ સિસ્ટમ્સ AI કેમેરા સાથે તૈનાત કરવામાં આવી છે.

રશિયન રાષ્ટ્રપતિ પુતિન જમીન પર મુસાફરી માટે તેમની ખાસ બનાવેલી બખ્તરબંધ Arus Senat લિમોઝીનનો ઉપયોગ કરે છે, જેને ઘણીવાર મૂવિંગ બંકર તરીકે ઓળખવામાં આવે છે. તેને સીધી મોસ્કોથી ઉડાડવામાં આવે છે. સ્નાઈપર ફાયર, લેન્ડમાઈન અને રાસાયણિક હુમલાઓનો સામનો કરવા માટે રચાયેલા આ વાહનમાં રન-ફ્લેટ ટાયર અને કટોકટી માટે અલગ ઓક્સિજન સપ્લાય હોય છે. રશિયન રાષ્ટ્રપતિ હવામાં ખાસ સુધારેલા ઇલ્યુશિન IL-96-300PU માં મુસાફરી કરે છે, જેને ફ્લાઈંગ ક્રેમલિન તરીકે ઓળખવામાં આવે છે. તે વિમાન ડિકોય જેટ, સુરક્ષિત કમાન્ડ સિસ્ટમ્સ અને અદ્યતન મિસાઇલ-સંરક્ષણ સિસ્ટમ્સથી સજ્જ છે.

જમીન પરના સૌથી આંતરિક સુરક્ષા વર્તુળમાં રશિયન રાષ્ટ્રપતિ સુરક્ષા સેવા (SBP) ના ખાસ અધિકારીઓનો સમાવેશ થાય છે, જેને FSO ની અદ્યતન ટીમો દ્વારા સમર્થન આપવામાં આવે છે. આ ટીમો રાષ્ટ્રપતિ પુતિન જે સ્થળોની મુલાકાત લેવાના છે તે તમામ સ્થળોએ સુરક્ષા તપાસ કરે છે. રશિયન પ્રતિનિધિમંડળ તેના લોજિસ્ટિક્સ પર સંપૂર્ણ નિયંત્રણ જાળવી રાખે છે. પુતિન પાસે એક વ્યક્તિગત રસોઇયો, ખાદ્ય પદાર્થોનું પરીક્ષણ કરવા માટે એક પોર્ટેબલ લેબ, પુતિનના મળમૂત્ર એકઠા કરવા માટેનાં સાધનો અને ડમી VIP પણ તૈનાત હોય છે. દિલ્હીમાં પુતિનની સુરક્ષા માટે લોખંડી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સેન્ટ્રલ દિલ્હી, એરોસિટી અને ગુડગાંવમાં સમિટ માટે પસંદ કરાયેલી હોટલોને સુરક્ષિત રાખવી એ ભારતની કાયદા અમલીકરણ અને ગુપ્તચર એજન્સીઓ માટે સૌથી પડકારજનક કાર્યોમાંનું એક રહ્યું છે. રશિયાના પ્રતિનિધિમંડળને જેમાં ઊતારો આપવામાં આવ્યો છે તે દરેક હોટલ એક સ્વતંત્ર સુરક્ષિત ઝોન તરીકે કાર્ય કરે છે, જેનું નેતૃત્વ ડીસીપી-રેન્ક વેન્યુ કમાન્ડર કરે છે. આ કમાન્ડરોનું નિરીક્ષણ સ્પેશિયલ કમિશનર રેન્કના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે, જેઓ મોટા વિસ્તારોને આવરી લેતા સેક્ટરોનું સંચાલન કરે છે. દરેક સ્થળની અંદર બે રૂમને ઓપરેશનલ કમાન્ડ હબમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે. અદ્યતન AI કેમેરા અનધિકૃત પ્રવેશને રોકવા માટે બાહ્ય દિવાલો અને હોલવેનું નિરીક્ષણ કરે છે. આ કેમેરા ઘુસણખોરીની શોધ કરવાના અને ગતિશીલતા ઓળખ સોફ્ટવેરથી સજ્જ છે, જે દિવાલો પર ચઢવા અથવા ક્રોલ કરવા જેવી અસામાન્ય પ્રવૃત્તિઓ શોધી શકે છે. હોટેલ સ્ટાફની સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવે છે. તેમને ખાસ પ્રોગ્રામ કરેલા ડિજિટલ કી કાર્ડનો ઉપયોગ કરીને જ નિયુક્ત ફ્લોર પર પ્રવેશવાની મંજૂરી આપવામાં આવે છે.

રશિયામાં ઘણી સુરક્ષા સેવાઓ છે, જે ખાસ કરીને રાષ્ટ્રપતિ અને તેમના પરિવારના રક્ષણ માટે સમર્પિત છે. તેને રશિયન રાષ્ટ્રપતિ સુરક્ષા સેવા અથવા SBP તરીકે ઓળખવામાં આવે છે. તે રશિયાની ગુપ્તચર એજન્સી KGB માંથી રચાયેલી રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ (FSO) ને રિપોર્ટ કરે છે. કાળા સૂટ પહેરેલા અને ઇયરફોન પહેરેલા SBP ગાર્ડો ચોવીસ કલાક પડછાયાની જેમ પુતિનને અનુસરે છે. જ્યારે આ એજન્ટો પુતિનની વિદેશ પ્રવૃત્તિઓમાં તેમની સાથે હોય છે, ત્યારે તેઓ પોતાને ચાર જૂથોમાં વિભાજિત કરે છે. તેમના પહેલા અને નજીકનાં વર્તુળમાં તેમના પોતાના અંગત રક્ષકોનો સમાવેશ થાય છે. બીજું વર્તુળ એવા રક્ષકોથી બનેલું છે, જેમને લોકો ધ્યાન આપતા નથી. ત્રીજું વર્તુળ ભીડની પરિમિતિને ઘેરી લે છે અને શંકાસ્પદ લોકોને તેમાં પ્રવેશતા અટકાવે છે અને ચોથાં અને અંતિમ વર્તુળમાં આસપાસની ઇમારતોની છત પર સ્થિત બંદૂકધારી સ્નાઈપર્સનો સમાવેશ થાય છે. પુતિનને હેલિકોપ્ટર પસંદ નથી, તેઓ સામાન્ય રીતે મોટરસાયકલ સવારો, ઘણી મોટી કાળી કાર વગેરે સાથે મોટા કાફલામાં મુસાફરી કરે છે. આ માટે ક્યારેક હવાઈ ક્ષેત્રમાં કોઈપણ ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધો લાદવામાં આવે છે. ટ્રાફિક બંધ કરવામાં આવે છે.પુતિનની સુરક્ષાની વાત કરીએ તો, સેંકડો બોડીગાર્ડ તેમની દરેક ગતિવિધિ પર નજર રાખે છે, જે ૨૪ કલાક તેમની સાથે રહે છે. પુતિનનું ભોજન ગુપ્ત રીતે તૈયાર કરવામાં આવે છે અને તેઓ જે પણ ખાય છે કે પીવે છે તેની તપાસ પહેલાં તેમના નજીકના સલાહકારો દ્વારા કરવામાં આવે છે. ભૂતપૂર્વ KGB અધિકારીઓ પુતિનની આસપાસના જોખમોથી સારી રીતે વાકેફ હોય છે.

પુતિનના સુરક્ષા વર્તુળમાં જે બાબત સૌથી વધુ કડક છે તે તેમનો ખોરાક છે. ઝેરના ડરને કારણે પુતિન પાસે એક વ્યક્તિગત ચાખનાર હોય છે, જે રાષ્ટ્રપતિ પાસે આવતી દરેક ખાદ્ય ચીજવસ્તુની તપાસ કરે છે. તે એક એવી શૈલીનો ભાગ છે, જે આધુનિક રાષ્ટ્રપતિ કરતાં મધ્યયુગીન રાજા જેવી વધુ છે. વધુમાં, જ્યારે તેઓ રશિયાની બહાર મુસાફરી કરે છે, ત્યારે રાષ્ટ્રપતિની ટીમ તેમના દ્વારા ઉપયોગમાં લેવાતી દરેક વસ્તુનું નિરીક્ષણ કરે છે. તેઓ પુતિન જે ખાવા-પીવા ખાવા જઈ રહ્યા છે તે બધું ચેક કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ સત્તાવાર શેમ્પેન ટોસ્ટ હોય, તો પુતિન તેમની ટીમ જે બોટલમાંથી શેમ્પેન લાવે છે તેમાંથી શેમ્પેન લે છે, બીજી કોઈ બોટલમાંથી નહીં.

પુતિનની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવતું બીજું પગલું ક્રેમલિનની અંદર સ્માર્ટફોનને અવરોધિત કરવાનું છે. રશિયન રાષ્ટ્રપતિએ પોતે પુષ્ટિ આપી છે કે તેઓ મોબાઈલ જેવાં ઉપકરણોનો ઉપયોગ કરતા નથી. જો તેઓ કોઈનો સંપર્ક કરવા માંગતા હોય, તો તે કરવા માટે એક સત્તાવાર ફોન લાઇન છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવ વારંવાર કહી ચૂક્યા છે કે પુતિન મોબાઇલ ફોનનો ઉપયોગ કરતા નથી, કારણ કે તેમની પાસે સમય નથી, પરંતુ સત્ય એ છે કે પુતિન આવું કરતા નથી, કારણ કે તેમને ઇન્ટરનેટ પર સહેજ પણ વિશ્વાસ નથી. ભૂતકાળમાં તેમણે સંકેત આપ્યો હતો કે ઇન્ટરનેટ એક CIA પ્રોજેક્ટ છે અને રશિયનોને ગૂગલ સર્ચનો ઉપયોગ ન કરવા વિનંતી કરી હતી. તેમનું માનવું છે કે અમેરિકનો ગૂગલ સર્ચની બધી માહિતી પર નજર રાખે છે. પુતિન ભાગ્યે જ ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. બધાં જાણે છે કે તેમને ફોન પસંદ નથી અને તે ઠીક છે. તેઓ સુરક્ષાના જાણકાર છે. પુતિન બિલકુલ સાચા છે. સ્માર્ટફોન બહુ સુરક્ષિત નથી. પુતિનને તેમના સલાહકારો દ્વારા આપવામાં આવતી કાગળની ફાઇલો દ્વારા માહિતી આપવામાં આવે છે.

રશિયન રાષ્ટ્રપતિ સુરક્ષા સેવા અથવા SBP રશિયન રાષ્ટ્રીય ગાર્ડ અથવા રોસગ્વાર્ડિયા દ્વારા સમર્થિત છે. કેટલાક તેને રાષ્ટ્રપતિની વ્યક્તિગત સેના તરીકે વર્ણવે છે. તાજેતરનાં વર્ષોમાં આ સુરક્ષા દળમાં સૈનિકોની સંખ્યામાં લગભગ ચાર લાખનો વધારો કરવામાં આવ્યો છે. આ એક મોટી સંખ્યા છે. અમેરિકન રાષ્ટ્રપતિના સુરક્ષા એકમમાં ગાર્ડની સંખ્યા આ આંકડાની નજીક પણ નથી આવતી. તે રશિયન સશસ્ત્ર દળોથી અલગ છે. જોકે તેનું સત્તાવાર મિશન રશિયન સરહદોને સુરક્ષિત કરવાનું આતંકવાદ સામે લડવાનું અને જાહેર કાયદો અને વ્યવસ્થાનું રક્ષણ કરવાનું છે. વ્યવહારિક રીતે તેનું સૌથી મહત્ત્વપૂર્ણ કાર્ય પુતિનને ધમકીઓથી બચાવવાનું છે. બધાં જાણે છે કે રશિયન નેશનલ ગાર્ડ પુતિનનો અંગત રક્ષક છે. રાષ્ટ્રપતિ તેમની બાકીની સુરક્ષા સેવાઓના વર્તુળમાં ખૂબ જ સુરક્ષિત છે. નેશનલ ગાર્ડ હાલમાં પુતિનના ભૂતપૂર્વ બોડીગાર્ડ વિક્ટર ઝોલોટોવ દ્વારા નેતૃત્વ કરવામાં આવે છે, જેમને રાષ્ટ્રપતિના સૌથી વફાદાર સાથી માનવામાં આવે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**રશિયન રાષ્ટ્રપતિ પુતિન જમીન પર મુસાફરી માટે તેમની ખાસ બનાવેલી બખ્તરબંધ Arus Senat લિમોઝીનનો ઉપયોગ કરે છે, જેને ઘણીવાર મૂવિંગ બંકર તરીકે ઓળખવામાં આવે છે**

## BUSINESS મિત્ર

### ક્રુડના ભાવ ઘટતા હાશકારોઃ નીચલા મથાળેથી જોરદાર રિકવરી

# શેરબજારમાં શાનદાર કમબેકઃ મોટો કડાકો ટળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 11:** વૈશ્વિક અનિશ્ચિતતાના ચાલી રહેલા માહોલમાં વૈશ્વિક બજારોની પાછળ ભારતીય શેરબજારમાં પણ ઘટાડા સાથે ખુલ્યા હતા, આજે એક તબક્કે શેરબજારમાં મોટો કડાકો આવવાની દહેશત સેવાઇ હતી, પણ ઉંચકાયેલા ક્રુડ ઓઇલના ભાવ 110 ડોલર પ્રતિ બેરલ પહોંચે તે પહેલાં 4 ડોલર ઘટીને 103-104 ડોલરની આસપાસ બોલાઇ જતાં રોકાણકારોમાં હાશકારો જોવા મળ્યો હતો અને તેની અસર ભારતીય શેરબજારના અંતિમ તબક્કામાં જોવા મળી હતી. જેમાં શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું. જેથી સેન્સેક્સ અને નિફ્ટીમાં ઘટાડો રીકવર થઇ ગયો હતો અને નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

આજે શરૂઆતી તબક્કામાં સેન્સેક્સ 700 પોઇન્ટથી વધુ તૂટયો હતો, જ્યારે નિફ્ટી 23250 પોઇન્ટની સપાટી તોડીને નીચે સરકી ગઇ હતી. પરંતુ છેલ્લે 23400ની નજીક બંધ રહી હતી. જ્યારે સેન્સેક્સમાં પણ 600 પોઇન્ટની રીકવરી જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 120.83 પોઇન્ટ એટલે કે 0.16 ટકા ઘટીને 74781.76 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74917 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74160 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ આજે 23400 પોઇન્ટની સપાટી તોડી હતી. નિફ્ટી 79.70 પોઇન્ટ એટલે કે 0.34 ટકા ઘટીને 23398.10 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23448 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23250 પોઇન્ટની સપાટી તોડીને 23231 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 153.60 પોઇન્ટ એટલે કે 0.24 ટકા વધીને 56606.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે લાર્સન એન્ડ ટુબ્રોમાં 6.63 ગણા, ટ્રેન્ટમાં 6.54 ગણા, પાવરગ્રીડમાં 4.86 ગણા, ઇન્ડસ ટાવરમાં 3.61 ગણા અને સન ટીવીમાં 3.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઓથમ ઇન્વેસ્ટમેન્ટમાં 48.96 ગણા, પાઇન લેબ્સમાં 8.45 ગણા, કોચીન શીપયાર્ડમાં 7.57 ગણા, સન ટીવી નેટવર્કમાં 6.78 ગણા અને ગ્રેન્યુઅલ્સ ઇન્ડિયામાં 5.33 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટ પણ લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. જોકે, પસંદગીના શેરોમાં રીકવરી રહી હતી, પણ મોટા ભાગના શેરો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.59 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.03 ટકા ઘટ્યો હતો. જેથી માર્કેટ બ્રેડથ પણ નેગેટિવ રહી હતી. બીએસઇ ખાતે 2018 શેરો વધ્યા હતા, જ્યારે 2470 શેરો ઘટ્યા હતા અને 241 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 2.70 ટકા ઘટયા હતા. જેમાં ગોદરેજ પ્રોપર્ટીઝ, લોઢા ડેવલપર્સ, એબી રિયલ એસ્ટેટ, પ્રેસ્ટીજ એસ્ટેટ, ઓબરોય રિયલ્ટી, ડીએલએફ, અનંતરાજ, શોભા અને બ્રિગ્રેડ એન્ટરપ્રાઇઝ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્સ 186 પોઇન્ટ સુધારા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. જોકે, ક્રુડ ઓઇલના વધતા ભાવો, વધતી બોન્ડ યીલ્ડ અને નાણાકીય જોખમ સંદર્ભે રોકાણકારો મુલ્યાંકન કરી રહ્યા છે અને સાવચેત બન્યા છે. યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે એશિયન બજારો ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જાપાનનો જથ્થાબંધ ફુગાવો વધ્યો છે. જે એક વર્ષની તુલનામાં 7.6 ટકા વધ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.60 ટકા, કેક 0.61 ટકા અને ડેક્સ 0.76 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 2.14 ટકા, હેંગસેંગ 0.75 ટકા, તાઇવાન 1.64 ટકા, કોસ્પી 1.79 ટકા, જકાર્તા 0.73 ટકા અને શાંઘાઇ 1.19 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.11 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં સુધારો આગળ વધ્યો

કરન્સી બજારમાં આજે પણ ડોલરમાં સુધારાની ચાલ આગળ વધી હતી. કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયો 11 પૈસા ઘટીને 95.55ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.44ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.10, પાઉન્ડ 129.12, કેનેડિયન ડોલર 69.23, ઓસ્ટ્રેલિયન ડોલર 68.79, જાપાનીઝ યેન 0.6202 અને સીંગાપોર ડોલર 75.23ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.55 રૂ. |
| યુરો | 111.10 રૂ. |
| પાઉન્ડ | 129.12 રૂ. |
| યેન | 0.6202 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -120.83 | 74781.76 |
| નિફ્ટી | -79.70 | 23398.10 |
| બેન્ક નિફ્ટી | 134.60 | 56606.55 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| ટોપ નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 2.08 | 708.25 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.97 | 1165.50 |
| ટેક મહિન્દ્રા | 1.00 | 1541.00 |
| એચડીએફસી લાઇફ | 0.73 | 530.00 |
| વિપ્રો | 0.66 | 167.40 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 3.21 | 981.50 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 2.99 | 1265.00 |
| આઇશર મોટર્સ | 2.17 | 7530.00 |
| ટાટા સ્ટીલ | 2.02 | 183.00 |
| ઓએનજીસી | 2.01 | 232.50 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 2.02 | 708.00 |
| ટેક મહિન્દ્રા | 1.38 | 1539.50 |
| એચસીએલ ટેકનો | 0.85 | 1207.00 |
| ઇટર્નલ | 0.78 | 323.00 |
| ઇન્ફોસીસ | 0.64 | 1038.20 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 1.67 | 182.85 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.33 | 1258.00 |
| સન ફાર્મા | 1.18 | 1842.00 |
| બજાજ ફાઇનાન્સ | 1.13 | 1034.20 |
| એનટીપીસી | 1.10 | 333.30 |

# CAS સિસ્ટમ ચાલુ જ રહેશે

**એક્સપાયરીના** દિવસે ડેરિવેટિવ્ઝ માટે સીએએસ હેઠળ ક્લોઝિંગ પ્રાઇઝ નક્કી કરવાની પદ્ધતિ પર વિચારણા કરવામાં આવી રહી છેઃ તુહિન કાંત પાંડે

નવી દિલ્હી, તા. 11ઃ તાજેતરમાં સેબીએ શરૂ કરેલી ક્લોઝિંગ ઓકશન સેશન અંગે ઉભા થયેલા વિવાદ સંદર્ભમાં સ્પષ્ટતા કરી હતી કે, આ સીએએસ સીસ્ટમ ચાલુ રહેશે. સેબી માત્ર એફ એન્ડ ઓ સેટલમેન્ટ કિંમત માટે અન્ય કોઈ રીત હોઇ શકે તે અંગે વિચારણા કરી રહી છે, એમ સેબીના અધ્યક્ષ તુહિન કાંત પાંડેએ કહ્યું હતું.

કલોશિંગ ઓકશન સેશન ગત મહિનાથી અમલ આવ્યો છે, ત્યારબાદ બજારના મુખ્ય સુચકાંકોમાં ભારે વધઘટ જોવા મળી હતી. એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા સેબી અધ્યક્ષે કહ્યું કે, એમએસસીઆઇએ સ્વીકાર્યુ છે કે સીએએસ હેઠળ તાજેતરના પુનઃ સંતુલનમાં કોઇ સમસ્યા નથી.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

# Paytm પર બ્રોકરેજ બર્નસ્ટેઇન બુલિશ

**રૂ.2,200ના** લક્ષ્યાંક સાથે ટોપ પિક્સની યાદીમાં આપ્યું સ્થાન

મુંબઇ, તા. 11ઃ બ્રોકરેજ હાઉસ બર્નસ્ટેઇને ટોપની સુચિમાં પેટીએમનો સમાવેશ કર્યો છે. જેની ટાર્ગેટ પ્રાઇઝ રૂ. 2200 જાહેર કરતા આજે પેટીએમના શેરમાં તેજીનો ચમકારો જોવા મળ્યો હતો. આજે પેટીએમ 4 ટકા વધીને રૂ. 1817 બોલાઇ ગયો હતો. જે ઇન્ટ્રાડેમાં રૂ. 1827 સુધી ઉછળ્ય હતો. જોકે, બર્નસ્ટેઇનના લક્ષ્યાંકને જોતાં હજુય આ શેરમાં 26 ટકાનો ઉછાળો આવી શકે છે.

બ્રોકરેજ હાઉસનું માનવું છે કે, પેટીએમના બિઝનેસથી આગામી વર્ષોમાં કમાણીમાં વધારો થવાની સંભાવના છે. વેપારી ધિરાણ, ઓપરેટીંગ લિવરેજ અને યુપીઆઇ પર એમડીઆરથી કંપનીની કમાણીમાં વધારો થશે.

બર્નસ્ટેઇનના મતે, મર્ચન્ટ લેન્ડિંગ એ પેટીએમના નાણાકીય સેવાઓના વ્યવસાયના વિકાસનું સૌથી મોટું એન્જિન હોઇ શકે છે. નાણાકીય વર્ષ 2026 અને નાણાકીય વર્ષ 2030ની વચ્ચે કંપનીની નાણાકીય સેવાઓની આવકમાં ઉછાળો થવાનું કારણ મર્ચન્ટ લોન વિતરણ હશે. કંપનીએ અંદાજ લગાવ્યો છે કે મર્ચન્ટ લોન ડિસ્બર્સ સેલ્સ નાણાકીય વર્ષ 2026માં 28000 કરોડથી વધીને 2030 સુધીમાં લગભગ 76000 કરોડ રૂપિયો થશે.

આ ઉપરાંત, પેટીએમ માટે બીજો હકારાત્મક સંકેત ઓપરેટીંગ લિવરેજ છે. જેમાં બિઝનેસમાં ઝડપી વૃદ્ધિ થઇ રહી છે, તેની સામે ખર્ચ ધીમી ગતિએ વધી રહ્યો છે, જેનાથી નફો વધી રહ્યો છે.

આ સિવાય પેટીએમના શેર માટે સૌથી મોટો ટ્રીગર પોઇન્ટ યુપીઆઇ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એટલે કે એમડીઆર છે. હાલમાં, મોટાભાગના યુપીઆઇ ટ્રાન્ઝેકશન પર એમડીઆર ચાર્જ કરવામાં આવતો નથી, પરંતુ ભવિષ્યમાં એમડીઆર ચાર્જ લાગુ કરવામાં આવે તો પેટીએમના પેમેન્ટ મોનેટાઇઝેશન અને કમાણીને ફાયદો થઇ શકે છે.

# ફાસ્ટેગ યુઝર્સ બેન્ક બદલશે તો પણ સ્ટીકર બદલવાની જરૂર નહીં પડે

**નીતિન** ગડકરીએ નવી વનટેગ સુવિધા રજૂ કરી

નવી દિલ્હી, તા. 11ઃ અત્યાર સુધી કોઇ ફાસ્ટેગ માટે બેન્ક બદલવા માગતા હોય તો તેમને નવું ફાસ્ટેગ લેવું પડતું હતું, એટલે કે જુનું ટેગ બંધ કરીને નવું ટેગ લેવું પડતું હતું અને આ નવું સ્ટીકર લગાવવું પડતું હતું, પણ હવે સરકારે વન ટેગ નામની નવી સુવિધા શરૂ કરી છે, જે હેઠળ ફાસ્ટેગના સ્ટીકર બદલ્યા વિના ફાસ્ટેગની બેન્કમાં ફેરફાર કરી શકાય છે.

મુંબઇમાં યોજાયેલા ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2026માં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ વનટેગ સવિધા શરૂ કરી છે. આ સુવિધા દ્વારા વાહન માલિકો તેમના હાલના એનઇટીસી ફાસ્ટેગને એક બેંકથી બીજી બેંકમાં ટ્રાન્સફર કરી શકશે.

એટલું જ નહીં, ફાસ્ટેગને બીજી બેન્કમાં પોર્ટ કરવાની સુવિધા એનએચએઆઇની રાજમાર્ગ યાત્રા મોબાઇલ એપ્લીકેશન દ્વારા ઉપલબ્ધ થશે. બેન્ક બદલવા માટે વપરાશકર્તાએ કેટલીક જરૂરી તપાસ અને ચકાસણી પુર્ણ કરવી પડશે. આ પછી વપરાશકર્તાની સંમતિ લેવામાં આવશે અને તે તેની પસંદગીની નવી ફાસ્ટેગ જારી કરનારી બેન્ક પસંદ કરી શકશે. નવી બેન્ક સાથે જરૂરી ઓનબોર્ડીંગ પ્રક્રિયા પુર્ણ થયા બાદ ફાસ્ટેગની સેવા નવી બેન્કમાં જશે.

આ વનટેગ પાછળની તકનીકી સીસ્ટમ એનપીસીઆઇ દ્વારા સંચાલિત કરવામાં આવશે. તે ફાસ્ટેગની પોર્ટેબિલિટીની પ્રક્રિયાને સરળ બનાવવાની સાથે એનઇટીસી નેટવર્કમાં ઇશ્યુ કરનારી બેન્કની માહિતીને પણ અપડેટ કરશે.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૮૪૭૫ |
| તેજાબી સોનું | ૧૫૮૩૮૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૫૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૫૩૦૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૮૪૭૫૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૮૯૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૪૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-૩૦ | ૫૮૦૦ |
| એસ-૩૦ | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |